RNI No. GUJGUJ/2016/72734 TC No. GUJGUJ16705 ગાંધીનગર

# નવભારત

Email : navbharatdaily2016@gmail.com www.govtofgaurang.com દૈનિક

Book Post
Navbharat Daily
Gandhinagar

તંત્રી : અશોક એન. દવે • વર્ષ : ૦૩ • અંક : ૧૧૧ • તારીખ : ૨૦-૦૭-૨૦૧૮ • શુક્રવાર • પાના : ૪ • કિંમત : ૫૦ પૈસા • મો. +91 99099 69099

### સેંસેક્સ ૨૨ પોઇન્ટ ઘટીને ૩૬૩૫૧ની નીચી સપાટી પર રહ્યો

# અવિશ્વાસ દરખાસ્ત પૂર્વે બજાર ફ્લેટ : સેંસેક્સમાં થયેલો ઘટાડો

### નિફ્ટી ઇન્ડેક્સ ૨૩ પોઇન્ટ ઘટીને ૧૦૯૫૭ની નીચી સપાટી ઉપર : આઇટી અને ફાર્મા શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો : બેંકિંગ શેરોમાં અફડાતફડીનો માહોલ

**(એજન્સી) મુંબઇ,**

શેરબજારમાં આજે ફ્લેટ કારોબાર જોવા મળ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૨૨ પોઈન્ટ ઘટીને ૩૬૩૫૧ની નીચી સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૩ પોઈન્ટ ઘટીને ૧૦૯૫૭ની નીચી સપાટીએ રહ્યો હતો. બેંચમાર્ક ઈન્ડેક્સ ફ્લેટ રહેવા માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. આઈટી અને ફાર્માના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. એસબીઆઈ, બેંક ઓફ બરોડા જેવી પીએસયુ બેંકમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. આવતીકાલે શુક્રવારે સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવ ઉપર ચર્ચા થનાર છે. ત્યારબાદ મતદાન પણ થનાર છે. મોનસુન સત્રના પ્રથમ દિવસે ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સામે આ દરખાસ્ત લાવવામાં આવી હતી. આજે ઈન્ટ્રા ડેના ગાળા દરમિયાન મિડકેપના શેર મિન્ડટ્રીમાં ૧૨.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. લાર્સન એન્ડ ટુબ્રો, ઈન્ફોટેકમાં પણ ઘટાડો રહ્યો હતો. એફએમસીજી ઈન્ડેક્સમાં ૦.૭ ટકાનો ઉછાળો રહ્યો હતો. હોલસેલ પ્રાઈઝ ઉપર આધારિત ફુગાવાનો આંકડો હાલમાં જારી કરવામાં આવ્યો હતો. શાકભાજી અને ફ્યુઅલની ચીજવસ્તુઓની કિંમતોમાં વધારો થવાના પરિણામ સ્વરૂપે જૂન મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઉપર આધારીત ફુગાવો વધીને ૫.૭૭ ટકા સુધી પહોંચી ગયો હતો. મે મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો (ડબલ્યુપીઆઈ) ૪.૪૩ ટકા રહ્યો હતો. ગયા વર્ષે જૂન મહિનામાં આ આંકડો ૦.૯૦ ટકા હતો. કંપનીના પરિણામનોને લઈને પણ ઉત્સુકતા જોવા મળી રહી છે. વિપ્રો, બજાજ ઓટો, એમસીએક્સ, એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઈફના પરિણામ ૨૦મી જુલાઈના દિવસે ઘોષિત થશે. આઈપીઓ બજારમાં જોરદાર તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. ૧૪૦૦૦ કરોડના આઈપીઓને લઈને દલાલસ્ટ્રીટ તૈયાર છે. એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, લોધા ડેવલપર્સ સહિત ઓછામાં ઓછી સાત કંપનીઓ આગામી સપ્તાહમાં મૂડી માર્કેટમાં આઈપીઓ સાથે એન્ટ્રી કરવા માટે તૈયાર છે. સૌથી પહેલા ટીસીએનએસ ક્લોથિંગ દ્વારા ૧૧૨૫ કરોડના આઈપીઓની શરૂઆત કરવામાં આવનાર છે. અન્ય જે છ કંપનીઓ આઈપીઓ લાવવા માટેની તૈયારી કરી ચુકી છે તેમાં લોધા ડેવલપર્સ, એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, નેકાંતિ સી ફુડ્સ, ફલેમિંગો ટ્રાવેલ, પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જીનિયસ કન્સલટન્સનો સમાવેશ થાય છે. મર્ચંટ બેંકિંગ સોર્સના કહેવા મુજબ આગામી સપ્તાહમાં આ તમામ કંપનીઓ દ્વારા તેમના સંબંધિત આઈપીઓ લાવવામાં આવનાર છે.પ્રવાહી સ્થિતી હોવાના કારણે કારોબારી રોકાણઁના મુડમાં નથી. બીએસઈ સેંસેક્સ ગઈકાલે બુધવારના દિવસે ૧૪૭ પોઈન્ટ



ઘટીને ૩૬૩૭૩ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૮ પોઈન્ટ ઘટીને ૧૦૯૮૦ની સપાટીએ રહ્યો હતો. ૮૦ અબજ રૂપિયાની મૂડી પીએનબી સહિત છ બેંકોમાં ઠાલવવામાં આવનાર છે તેવા અહેવાલથી તેજી જામી હતી. નિરવ મોદી કૌભાંડના પરિણામ સ્વરુપે પીએનબી બેંક હચમચી ઉઠી હતી. સરકાર તરફથી ૮૦ અબજ રૂપિયાની મૂડી ઠાલવવામાં આવનાર છે.

### ભારે વરસાદની આગાહીને લઇ તંત્ર એલર્ટ પર

# રાજયમાં ૪ દિવસ ભારેથી અતિભારે વરસાદ પડી શકે

### ૨૦મી અને ૨૧મી જૂલાઇએ ઉત્તર ગુજરાતમાંય મેઘો મહેરબાન થાય તેવી વકી : સાવચેતીના પગલાઓ લેવાયા

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

હવામાન વિભાગે ગુજરાતમાં હજુ ચાર દિવસ સુધી ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. હવામાન વિભાગે આણંદ, વડોદરા, ડાંગ, તાપી, ભરૂચ, સુરત, પંચમહાલ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરી છે તો, વલસાડ અને નવસારી જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી કરાઈ છે. હવામાન ખાતાની આગાહી મુજબ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં હજુ પણ મેઘમહેર જારી રહેશે. દરમ્યાન હવામાન ખાતાની ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને લઈ રાજય સરકાર દ્વારા તંત્રને હાઈ એલર્ટ પર રખાયું છે અને કોઈપણ પરિસ્થિતને પહોંચી વળવા અને રાહત અને બચાવની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવા નિર્દેશો જારી કરાયા છે. હવામાન ખાતાની આગાહી મુજબ, સૌરાષ્ટ્રની વાત કરીએ તો અમરેલી, ભાવનગર, રાજકોટ, પોરબંદર અને બોટાદ જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શકયતા છે. આ જ પ્રકારે ગીર સોમનાથ, જુનાગઢ અને દીવમાં પૂર પ્રકોપ સર્જે એવો વરસાદ પડી શકે છે. આવતીકાલે તા.૧૯ જુલાઈના રોજ ડાંગ, છોટા ઉદેપુર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, વલસાડ, નવસારી, સુરત, દમણ અને દાદરા નગર હવેલીના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડવાની સંભાવના છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, રાજકોટ, બોટાદ અને દીવના અલગ-અલગ વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આ સિવાય તા.૨૦ જુલાઈના રોજ સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, સુરત, વલસાડ અને નવસારીના અલગ-અલગ વિસ્તારોમાં વરસાદ પડવાની શકયતા છે, જ્યારે સૌરાષ્ટ્રમાં જામનગર, રાજકોટ, બોટાદ, સુરેન્દ્ર નગર, મોરબી અને કચ્છ જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં વરસાદ પડવાની સંભાવના છે.

# મોબ લિંચિંગના જટિલ મુદ્દે લોકસભામાં ભારે હોબાળો

**(એજન્સી) નવીદિલ્હી,**

દેશમાં મોબલિચિંગ એટલે કે વધતી જતી ભીડની હિંસાઓની ઘટના અંગે વિપક્ષે સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કર્યા હતા. મોબ લિચિંગના મુદ્દે ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, આ પ્રકારની હિંસાઓને લઈને સરકાર દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. સરકાર ચિંતિત પણ છે. લોકસભામાં ધાંધલ ધમાલ વચ્ચે કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહે આ અંગે સરકારનું વલણ સ્પષ્ટ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, મોબ લિંચિંગની ઘટનાઓ પહેલા પણ બનતી રહી છે. આ પ્રકારની ઘટનાઓમાં જે વ્યક્તિ ભોગ બને છે તે પહેલા પણ સરકાર માટે ચિંતાના વિષય રહ્યા છે. જો કે, કોંગ્રેસના સભ્યો આને લઈને સંતુષ્ટ થયા ન હતા અને ધાંધલ ધમાલ ચાલુ રાખી હતી. અંતે કોંગ્રેસના સભ્યોએ વોકઆઉટ કર્યો હતો. કોંગ્રેસના સભ્યોએ ગૃહબ્ની બહાર જતા રહ્યા હતા. દેશમાં મોબ લિંચિંગના કારણે અનેક લોકોની હત્યા કરવામાં આવી ચુકી છે. અનેક ઘાયલ પણ થયા છે. કેન્દ્રીયમંત્રીએ આ સંદર્ભમાં ગંભીરતાપૂર્વક કહ્યું હતું કે, સરકાર તરફથી તેઓ આ પ્રકારની ઘટનાઓની ટીકા કરે છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, તમામ લોકોને આ અંગેની માહિતી છે કે, આ પ્રકારની ઘટનાઓ અફવાઓ અને શંકાના આધાર પર થાય છે. ફેક ન્યુઝના આધાર પર આ પ્રકારની ઘટનાઓ બને છે. કેન્દ્રીયમંત્રીએ એમ પણ કહ્યું છે કે, રાજ્ય સરકારનો વિષય છે. તેમની જવાબદારી બને છે કે, આ પ્રકારની ઘટનાઓને રોકવા માટે પ્રભાવીરીતે કામ કરવામાં આવે છે.

# ૧૦૦ રૂપિયાની નવી નોટ ટૂંક સમયમાં જ જારી કરવા તૈયારી

**(એજન્સી) નવી દિલ્હી,**

ભારતીય રિઝર્વ બેંક તરફથી ટૂંક સમયમાં જ ૧૦૦ રૂપિયાની નવી નોટ જારી કરવામાં આવનાર છે. આને લઈને માહિતી આપી દેવામાં આવી છે. મહાત્મા ગાંધી સીરીઝની આ નવી નોટ ઉપર આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના હસ્તાક્ષર રહેશે. કેન્દ્રીય બેંક તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ નવી નોટની પાછળના હિસ્સા પર ગુજરાતના પાટણ જિલ્લામાં સ્થિત રાણકી વાવનો ફોટો રહેશે. રાણકી વાવ એક સ્ટેપવેલ છે. નોટ ઉપર તેના ચિત્રને રજૂ કરીને ભારતની વિરાસતને રજૂ કરવાના પ્રયાસ કરાયા છે. આ નોટનો કલર લવન્ડર રાખવામાં આવ્યો છે. આ નોટનું કદ ૬૬ એમએમ અને ૧૪૨ એમએમ રખવામાં આવ્યુ છે. નવી નોટની સાથે સાથે હાલમાં અમલી રહેલી તમામ ૧૦૦ રૂપિયાની નોટ યથાવતરીતે જારી રહેશે. નવી નોટ ટૂંક સમયમાં જ જારી કરવામાં આવનાર છે. નવી નોટ જારી થઇ ગયા બાદ તેના સપ્લાયને ઝડપથી વધારવામાં આવશે. દેવનાગરીલિપીમાં ૧૦૦ની વચ્ચે ગાંધીના ચિત્રને ડાબીબાજુએ રજૂ કરવામાં આવશે. મધ્યમાં ગાંધીજીનો ફોટો રહેશે. માઈક્રો લેટર્સમાં આરબીઆઈ, ભારત, ઈન્ડિયા અને ૧૦૦ રૂપિયા લખેલું રહેશે. મહાત્મા ગાંધીના ફોટાની જમણી બાજુએ પ્રોમિસ કલોઝ રહેશે. તેના નીચે ગવર્નરના હસ્તાક્ષર રહેશે.

### યુરોપિયન યુનિયન દ્વારા જંગી દંડ ફટકારાયો

# એન્ડ્રોઇડને લઇને ગુગલ પર ૩૪ હજાર કરોડનો દંડ થયો

### યુરોપિયન યુનિયનના દંડ સામે અપીલ કરવા તૈયારીઓ

**(એજન્સી) બ્રસેલ્સ,**

યુરોપિયન યુનિયને ગુગલ પર રેકોર્ડ ૪.૩૪ બિલિયન યુરો અથવા તો આશરે ૩૪૩૦૮ કરોડ રૂપિયાનો એન્ટી ટ્રસ્ટ ફાઈન કરવામાં આવ્યો છે એટલે કે યુરોપિયન યુનિયને એન્ડ્રોઈડને લઈને ગુગલ પર ૩૪ હજાર કરોડ રૂપિયાનો દંડ ફડકાર્યો છે. આ રકમ ગેરકાયદેરીતે એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમનો ઉપયોગ કરવા અને સર્ચ એન્જિનના ફાયદા માટે કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. યુરોપિયન યુનિયનના કમિશનર માર્ગેટ વેસ્ટેજરનું કહેવું છે કે, ગુગલે એન્ડ્રોઈડનો ઉપયોગ પોતાના સર્ચ એન્જિનને મજબૂત કરવા માટે કર્યો હતો જે યુરોપિયનયુનિયનના એન્ટી ટ્રસ્ટ નિયમોના હિસાબથી અયોગ્ય છે. ગુગલને ૯૦ દિવસની અંદર આને બંધ કરવાની જરૂર છે. જો આવું નહીં કરે તો આલ્ફાબેટથી થનાર આવકના પાંચ ટકા રકમનો દરરોજ દંડ થશે. ગુગલનું કહેવું છે કે તે આ દંડની સામે અપીલ કરશે. ગુગલના પ્રવક્તા અલવર્નીનું કહેવું છે કે, એન્ડ્રોઈડ લોકોને વધારે વિકલ્પ આપવા માટે બનાવવામાં આવ્યું છે જે રેપિડ ઈનોવેશન અને સારી સુવિધાની કિંમત ઓછી કરવા માટે મદદ કરે છે. આનાથી પહેલા યુરોપિયન યુનિયને ગુગલ ઉપર ૨.૪ અબજ યુરોનો દંડ ફટકાર્યો હતો. આ વખતે દંડની રકમ અગાઉ કરતા બે ગણી વધારે છે. આ ચુકાદા બાદ ટ્રેડવોરનો ખતરો વધી ગયો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપમાંથી સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત ઉપર ચાર્જ લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. યુરોપિયન યુનિયનના કમિશનર વેસ્ટેજરનું કહેવું છે કે, ગુગલના ચીફ સુંદર પિચાઈ સાથે ફોન પર વાત કરવામાં આવી હતી અને પોતાના નિર્ણય અંગે વાત કરવામાં આવી હતી. ગુગલ અનેક ફોન બનાવનાર કંપનીઓને પહેલાથી જ ગુગલ ક્રોમ ઈન્સ્ટોલ કરવા માટે ફરજ પાડે છે.

# ડોક્ટર હિનાકુમારીએ દિક્ષા લીધી : શ્રદ્ધાળુ ઉમટી પડ્યા

### કરોડોની સુખ-સંપત્તિ છોડીને વૈરાગ્યના માર્ગ ઉપર વધી

**(પ્રતિનિધિ) સુરત,**

એમબીબીએસમાં ગોલ્ડ મેડાલિસ્ટ ડોક્ટર હિનાકુમારીએ દિક્ષા ગ્રહણ કરી લીધી છે. રાજસ્થાનમાં પાલી જિલ્લાના ઘાણેરાવ નિવાસી અશોકકુમાર હિંગડની પુત્રી હિના હિંગડને આજે સવારે વિજ્યાલક્ષ્મી હોલમાં દિક્ષા આપવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈથી મેડિકલનું શિક્ષણ મેળવી ચુકેલી ડોક્ટર હિનાકુમારીએ ડિગ્રી મેળવી લીધા બાદ ગોલ્ડ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. શરૂઆતથી હોંશિયાર અને તેજસ્વી વિદ્યાર્થીની તરીકે હિનાકુમારીએ સિદ્ધિ મેળવી હતી. છેલ્લા પાંચ વર્ષથી મહારાષ્ટ્રના શિરડી ખાતેની હોસ્પિટલમાં ફરજ બજાવી રહી હતી. હિનાકુમારીનું કહેવું છે કે, ૧૮ વર્ષની વયમાં તે દિક્ષા ગ્રહણ કરવા માટે ઈચ્છુક હતી પરંતુ તે વખતે પિતાના કહેવાથી તે થોડાક સમય સુધી રોકાઈ ગઈ હતી જેથી ૧૨ વર્ષ સુધી રાહ જોવાની ફરજ પડી છે. હવે તે દિક્ષા ગ્રહણ કરી રહી છે. પાંચ મહિના પહેલા જ તેના પિતા તેની દિક્ષાવિધિ માટે માની ગયા હતા. જૈન ભગવતી દિક્ષા ગ્રહણ કરીને ધર્મના માર્ગ પર ચાલવા માટે ડોક્ટર હિનાકુમારી હવે અન્ય લોકોને પ્રેરિત કરશે. તેમનું કહેવું છે કે, શરીરની



સારવાર તમામ લોકો કરે છે પરંતુ આત્માની સિદ્ધિ માટે કામ કરવામાં આવતું નથી. અગાઉ મંગળવારના દિવસે શોભાયાત્રા યોજવામાં આવી હતી. વરસીદાન શોભાયાત્રા સુરત શહેરમાં વેસુ ક્ષેત્રમાં યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. કરોડો રૂપિયાની સંપત્તિ, સુખ સંપત્તિના સાધનો અને ભવ્ય લાઈફને છોડીને ડોક્ટર હિનાકુમારી દિક્ષાગ્રહણ કરી ચુકી છે. દેશના જુદા જુદા ભાગોમાંથી દિક્ષાગ્રહણ કાર્યક્રમમાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યમાં આ વર્ષે ૩૭ ટકા ઓછી વાવણી થઇ

# રાજ્યભરમાં ગયા વર્ષ કરતા થયેલ સરેરાશ ઓછી વાવણી

### કપાસની કુલ ૧૭.૨૩ લાખ હેક્ટર વિસ્તારમાં તેમજ મગફળીની ૮.૭૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવણી થઇ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ગુજરાતમાં મોનસુનમાં વિલંબ થવાના પરિણામ સ્વરુપે પાકની વાવણીમાં હજુ પણ તેજી આવી શકી નથી. ગયા વર્ષની સરખામણીમાં સરેરાશ વાવણીની ગતિ ખુબ ધીમી રહી છે. આ વર્ષે હજુ સુધી ગુજરાતના અડધાથી વધુ હિસ્સામાં ઓછો વરસાદ થયો છે. આવી સ્થિતિમાં કૃષિ સમુદાયની સાથે સાથે સરકાર પણ ચિંતાતુર બનેલી છે. રાજય સરકારે જે વિસ્તારોમાં વાવણીની પ્રક્રિયા પુરી કરી લેવામાં આવી છે તેવા વિસ્તારમાં નુકસાનની ખાતરી કરવા સર્વેની કામગીરી શરૂ કરી દીધી છે. કૃષિ વિભાગના



અધિકારીઓના કહેવા મુજબ એકબાજુ કેટલાક વિસ્તારોમાં પુર જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. જ્યાં વાવણીની પ્રક્રિયા પહેલાથી જ પુરી થઇ ચુકી હતી ત્યાં પણ ભારે નુકસાન થયું છે. અધિકારીઓનું કહેવું છે કે, પાકને થયેલા નુકસાનની ખાતરી કરવા માટે તથા મુલ્યાંકન કરવા માટે પાણી ઉતરી ગયા બાદ આ વિસ્તારોમાં અધિકારીઓની ટીમો મોકલવામાં આવશે. બીજી બાજુ મોનસુનમાં વિલંબ થવાના લીધે રાજયમાં પાકની વાવણીની ગતિ ધીમી રહી છે. એકબાજુ ઓછા વરસાદ અને બીજી બાજુ વધારે પડતા વરસાદ બંને સ્થિતિમાં ખેડુત સમુદાયને નુકસાન થયું છે. એકબાજુ સૌરાષ્ટ્રમાં હજુ પણ ખેતરોમાં પાણી ભરાયેલા છે. એવા વિસ્તારમાં જે નદીની નજીક છે તેવા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. પાકને ભારે નુકસાન થયું છે. માટી પણ તણાઇ ગઇ છે. આવા વિસ્તારોમાં પથ્થરો અને અન્ય ચીજો ઉપસી આવી છે અને પાકને નુકસાન થયું છે. ૩૮.૭૧ લાખ હેક્ટર વિસ્તારમાં વાવણીની પ્રક્રિયા પુરી થઇ ચુકી છે જે ૮૫.૬૫ લાખ હેક્ટરની સિઝનલ સરેરાશ પૈકી ૪૫ ટકાની આસપાસ છે. ગયા વર્ષની સરખામણીમાં આજગાળામાં આ વર્ષે વાવણી ૩૭ ટકા ઓછી રહી છે. કપાસની વાવણી ગતિ પકડી રહી છે. છ લાખ હેક્ટરમાં આ સપ્તાહમાં વાવણી થઇ છે. કપાસના વાવણીનું કુલ ચિત્ર ૧૭.૨૭ લાખ સુધી પહોંચી ગયું છે. આવી જ રીતે મગફળીની વાવણી ગયા વર્ષે ૫.૧૭ લાખ હેક્ટરમાં હતી જે હવે ૮.૭૭ લાખ હેક્ટરમાં થઇ છે.

બે લાખથી વધારે શ્રદ્ધાળુ દર્શન કરી ચુક્યા છે

# અમરનાથ યાત્રા : ૧૯૮૩ શ્રદ્ધાળુ દર્શન માટે રવાના

## સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૫૯ વાહનોમાં તમામ શ્રદ્ધાળુ રવાના : ૧૩૦૩ શ્રદ્ધાળને પહેલગામ માટે રવાના કરાયા



**(એજન્સી) શ્રીનગર,**

અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે. હજુ સુધી બે લાખથી વધારે શ્રદ્ધાળુઓ બર્ફાની બાબાના દર્શન કરી ચુક્યા છે. આજે વહેલી સવારે સઘન સુરક્ષા વચ્ચે ૧૯૮૩ શ્રદ્ધાળુઓની નવી ટીમ દર્શન માટે જમ્મુથી રવાના થઇ હતી. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે ભગવતી નગર યાત્રી બેઝ કેમ્પથી ખીણ માટે તમામ શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. ૧૩૦૩ શ્રદ્ધાળુઓ પહેલાગામ માટે અને ૬૮૦ શ્રદ્ધાળુઓ બાલતાલ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા. હવામાન વિભાગે બંને જગ્યાએ ભારે વરસાદ પડશે તેવી વાત કરતા શ્રદ્ધાળુઓ સાવધાન દેખાઇ રહ્યા છે. હાલમાં ભારે વરસાદ, ખરાબ હવામાન અને પ્રતિકુળ સંજોગોના કારણે અમરનાથ યાત્રાને વારંવાર મોકૂફ રાખવામાં આવી હતી પરંતુ શ્રદ્ધાળુઓનો ઉત્સાહ અભૂતપૂર્વ છે. અમરનાથ યાત્રા દરમિયાન જુદી જુદી ઘટનાઓમાં હજુ સુધી ૧૩ના મોત થઇ ચુક્યા છે. અમરનાથ યાત્રામાં અનેક પ્રકારની અડચનો આવી રહી છે છતાં શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખો શ્રદ્ધાળુઓ પહેલાથી દર્શન કરી ચુક્યા છે અને હજુ લાખો શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ઉત્સુક બનેલા છે. જુદા જુદા કાફલામાં શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવી રહ્યા છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. ખરાબ હવામાન અને વરસાદની સ્થિતી પણ હાલમાં અડચણરૂપ બની હતી. થોડાક દિવસ માટે અમરનાથ યાત્રાને બંધ રાખવાની ફરજ પણ પડી હતી. જો કે હવે અમરનાથ યાત્રા સાનુકુળ રીતે આગળ વધી રહી છે. શ્રદ્ધાળુઓમાં ત્રાસવાદી હુમલાની કોઇ દહેશત દેખાઇ રહી નથી. સુરક્ષા વ્યવસ્થા તમામ જગ્યાએ રાખવામાં આવી છે. વિતેલા વર્ષોમાં હુમલા થઇ ચુક્યા છે જેથી આ વખતે વિશેષ સુરક્ષા રાખવામાં આવી રહી છે. દર્શન કરનાર શ્રદ્ધાળુઓનો આંકડો આ વખતે ખુબ ઉપર પહોંચી શકે છે. ભારે ઉત્સાહ અને ધાર્મિક માહોલમાં આગળ વધી રહી છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દરરોજ પવિત્ર અમરનાથ ગુફામાં કુદરતીરીતે બનતા શિવલિંગના દર્શન કરી રહ્યા છે. અમરનાથ યાત્રા શરૂ કરવામા ંઆવ્યા બાદથી હજુ સુધી ૧૯૭૦૦૦ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. આ વખતે આ આંકડો રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી શકે છે. પ્રતિકુળ સંજોગો હોવા છતાં શ્રદ્ધાળુઓના ઉત્સાહ અને ધાર્મિક માહોલમાં કોઇ ઘટાડો થયો નથી. તમામ ખરાબ સંજોગો હોવા છતાં ભારે ઉત્સાહ છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. અમરનાથ ગુફા તરફ દોરી જતાં બાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. તમામ ખરાબ સંજોગો હોવા છતાં ભારે ઉત્સાહ છે. ૨૮મી જૂનના દિવસે અમરનાથ યાત્રાની શરૂઆત થઇ હતી. ત્યારબાદથી સતત વરસાદ થવાના કારણે યાત્રામાં વારંવાર અડચણો આવી રહી છે. ૩૦મી જૂનના દિવસે દિવસ દરમિયાન યાત્રાને રોકવામાં આવી હતી. બે મહિના સુધી ચાલનાર આ યાત્રામાં બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચુક્યા છે. શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે. આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે નવો જથ્થો રવાના કરવામાં આવ્યો હતો. અમરનાથ યાત્રામાં હજુ સુધી બે લાખ શ્રદ્ધાળુઓ દ્વારા દર્શન કરવામાં આવ્યા છે. બીજી બાજુ હજુ પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ઉત્સુક બનેલા છે. બાલતાલ અને પહેલગામ બેઝ કેમ્પમાં પહેલાથી જ રહેલા શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવ્યા છે. અમરનાથ ગુફા તરફ દોરી જતા બાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. આ વખતે આતંકવાદી હુમલાની દહેશતને ધ્યાનમાં લઇને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. શ્રદ્ધાળુઓની ટીમમાં બાળકો અને સાધુ સંતોનો સમાવેશ થાય છે. એક વખતે ખરાબ હવામાન અને વરસાદના કારણે સતત ત્રણ દિવસ સુધી અમરનાથ યાત્રા મોકૂફ રાખવામાં આવી હતી.

૨૪ કલાક સામાન્ય લોકોની ફરિયાદ સાંભળવામાં આવશે

# આયુષ્યમાન યોજના હેઠળ ૧૧ કરોડ કાર્ડ જારી કરવાની તૈયારી

## ગ્રામીણ વિસ્તારોમાં આયુષ્યમાન પખવાડિયાનું આયોજન કરી લોકોને કાર્ડનું વિતરણ કરાશે : નરેન્દ્ર મોદીની મહાકાય યોજનાને લઇ લોકોમાં ભારે ચર્ચા

**(એજન્સી) નવી દિલ્હી,**

આયુષ્યમાન ભાર સ્કીમ માટે સરકાર આશરે ૧૧ કરોડ ફેમિલી કાર્ડ છાપવાની યોજના ધરાવે છે અને આ ફેમિલી કાર્ડને લોકોના હાથોહાથ પહોંચાડવામાં આવશે. સરકાર ગ્રામિણ વિસ્તારોમાં આયુષ્યમાન પખવાડિયાનું આયોજન કરશે. આ ગાળા દરમિયાન તેમને કાર્ડ આપવામાં આવશે. સરકાર દિલ્હીમાં ૨૪ કલાક માટેના સેન્ટર બનાવશે જયાં આ મેડિકલ ઈન્સ્યોરન્સ સ્કીમ સાથે જોડાયેલી લોકોની ફરિયાદ સાંભળવામાં આવશે અને પ્રશ્નોના જવાબ આપવામાં આવશે. આયુષ્યમાન ભારત-નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમના સીઈઓ ઈન્દુ ભૂષણનું કહેવું છે કે, સરકારની આ યોજના આયુષ્યમાન ભારત માટે તમામ તૈયારીઓ ૧૫મી ઓગસ્ટ સુધી કરી લેવામાં આવશે. અલબત્ત આની લોંચ કરવાની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી પરંતુ ફેમિલી કાર્ડ ઉપર આ સ્કીમના લાયક સભ્યોના નામ રહેશે. કાર્ડ સાથે જોડાયેલી દરેક વ્યક્તિના નામવાળી વ્યક્તિને એક પત્ર આપવામાં આવશે જેમાં આયુષ્યમાન ભારત સ્કીમની વિશેષતાઓ અંગે માહિતી આપવામાં આવશે. ભુષણનું કહેવું છે કે, સરકારે ગ્રામીણ વિસ્તારોમાં ૮૦ ટકા લાભાર્થી અને શહેરી ક્ષેત્રોમાં ૬૦ ટકા લાભાર્થીઓની પસંદગી આ કાર્ડ માટે કરવામાં આવી ચુકી છે. એક નેશનલ ટોલ ફ્રી નંબરથી કોલ સેન્ટરથી સંપર્ક કરવામાં આવતા આ સેન્ટરથી નાગરિકોના ઇ-મેઇલ અને ઓનલાઈન ચેટના જવાબ આપવામાં આવશે. બંને પ્રોજેક્ટ માટે સર્વિસ પ્રોવાઇડર્સની પસંદગી આગામી મહિના સુધી કરી લેવામાં આવશે. ભુષણનું કહેવું છે કે, આ કાર્ડ આઈડેન્ટીફિકેશન પ્રોસેસને સરળ બનાવવા માટે એક રસ્તા તરીકે છે પરંતુ ઓળખના બીજા દસ્તાવેજોની જરૂર પણ સંબંધિત વ્યક્તિની માહિતીને પ્રમાણિક કરવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. આયુષ્યમાન ભારત માટે લાયક છે કે કેમ તેની ખાતરી કરવામાં આવશે. બિડ ડોક્યુમેન્ટ મુજબ એવો અંદાજ છે કે, આશરે ૫ લાખ લેટર જારી કરવાની ગતિથી બે વર્ષની અંદર ૧૦.૭૪ કરોડ ઈન્ફોર્મેશન લેટરો અને ફેમિલી કાર્ડ છપાવવામાં આવશે અને વિતરિત કરવામાં આવશે. ભુષણનું કહેવું છે કે, લેટર છાપવામાં બે વર્ષ લાગશે નહીં. લાયક પરિવારની પાસે પત્ર નહીં પહોંચવાની સ્થિતિમાં તેમને આ સેવાઓ માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે નહીં. સર્વિસ




પ્રોવાઇડર નેશનલ હેલ્થ એજન્સીથી લાભાર્થીઓના સંદર્ભમાં માહિતીને લઈને આ પત્ર છાપવામાં આવશે. પિનકોડના જણાવ્યા મુજબ તેમના બગલિંગ કરવામાં આવશે અને સંબંધિત જિલ્લા હેડક્વાર્ટર ઉપર પહોંચાડવામાં આવશે. લેટર ગ્રામ પંચાયતોને આપવામાં આવશે. ત્યારબાદ આયુષ્યમાન પખવાડિયા દરમિયાન લાભાર્થીઓને આ પત્ર આપવામાં આવશે. આશા વર્કરને પણ આ પત્ર પહોંચાડવા માટેની જવાબદારી સોંપાશે. આયુષ્યમાન યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી યોજના તરીકે ગણવામાં આવે છે. ઘણા લોકો આને મોદી કેર યોજના તરીકે પણ જોઈ રહ્યા છે. આગામી દિવસોમાં આ યોજનાના સંદર્ભમાં વધુ વિગત આપવામાં આવશે. લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે એનડીએ સરકાર અનેક યોજનાઓ જાહેર કરવાની તૈયારીમાં છે. આવી જ એક યોજના આયુષ્યમાન યોજના છે. ૧૧ કરોડ કાર્ડ આ યોજના હેઠળ જારી કરવામાં આવનાર છે. આયુષ્યમાન યોચજનાના સંદર્ભમાં મિડિયામાં છેલ્લા ઘણા સમયથી અનેક માહિતી આપવામાં આવી રહી છે પરંતુ સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. આ યોજના ક્યારે જારી કરવામાં આવશે તેની કોઇ વાત હજુ સુધી થઇ નથી. કેટલાક લોકો એમ પણ માની રહ્યા છે કે, ૧૫મી ઓગસ્ટના દિવસે વડાપ્રધાન દ્વારા આની જાહેરાત કરવામાં આવશે. મોદીની આ મહત્વકાંક્ષી યોજના જારી કરવામાં આવ્યા બાદ લોકસભાની ચૂંટણીમાં ભાજપ મેદાનમાં ઉતરશે અને લોકલક્ષી યોજનાઓના સંદર્ભમાં આ યોજનાને પણ ઉમેરી દેવામાં આવશે. પ્રચાર દરમિયાન આ મુદ્દાને જોરદારરીતે ઉઠાવીને લાભ લેવાનો પ્રયાસ પણ કરવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોમાં ૮૦ ટકા લોકોને આવરી લીધા બાદ ગ્રામીણ ક્ષેત્રોમાં સ્થિતિને મજબૂત કરવાની તક પણ મળી શકે છે. આ મહત્વકાંક્ષી અને મહાકાય યોજના મોદી વહેલીતકે રજૂ કરવાની તૈયારીમાં છે. આના માટેની રુપરેખા તૈયાર કરી લેવામાં આવી છે. આ યોજનાને અમલી કરવામાં કેટલીક અડચણો આવે તેમ પણ માનવામાં આવે છે. મોદી સરકાર હજુ સુધી રુપરેખાના સંદર્ભમાં વધુ વાત કરી રહી નથી.

પાયલોટનો મૃતદેહ મળી આવ્યો

## હિમાચલમાં મિગ તુટી પડતા પાયલોટનું મોત

**(એજન્સી) શિમલા,**

ભારતીય હવાઈદળને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, હિમાચલ પ્રદેશના એક ગામમાં મિગ-૨૧ ફાઇટર જેટ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું હતું. વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાના સમાચાર મળ્યા બાદ વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. જો કે, બનાવમાં તપાસ કરવામાં આવતા મોડેથી પાયલોટનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની તપાસ માટે કોર્ટ ઓફ ઈન્કવાયરીનો આદેશ કરી દેવામાં આવ્યો છે. જેટ પંજાબના પઠાણકોટથી રુટિન ઉડાણ પર હતું. હિમાચલના કાંગરા જિલ્લામાં આશરે ૧.૩૦ વાગે આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું હતું. દુર્ઘટનાના કારણો હજુ જાણી શકાયા નથી. ઘટના અંગે માહિતી મળતાની સાથે જ કાંગરા જિલ્લા વહીવટીતંત્રએ તપાસ હાથ ધરી હતી. પાયલોટનો મૃતદેહ મળી આવ્યા બાદ તપાસ ચાલી રહી છે. એરફોર્સ દ્વારા પણ તપાસનો હુકમ કરાયો છે.

સુરક્ષા દળોની ચિંતામાં વધારો થયો છે : રિપોર્ટ

# જમ્મુ કાશ્મીર : સ્થાનિક લોકો આતંકવાદ તરફ વળી રહ્યા છે

## ખીણમાં હાલમાં ત્રાસવાદી હિંસામાં વધારો થયો : હેવાલ

**(એજન્સી) નવી દિલ્હી,**

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી ગતિવિધી તરફ લોકો વધુ પ્રમાણમાં આકર્ષિત થઇ રહ્યા છે. હાલમાં બનેલી કેટલીક ઘટના આ તરફ ઈશારો કરે છે. સુરક્ષા દળો માને છે કે છેલ્લા કેટલાક સમયથી ત્રાસવાદીઓને સ્થાનિક લોકો તરફથી સમર્થન મળી રહ્યુ છે. ખીણમાં ત્રાસવાદી ઘટનામાં વધારો થયો છે. સુરક્ષા દળો એમ પણ માને છે કે છેલ્લા કેટલાક સમયથી રાજ્યની અંદર સ્થાનિક લોકો હવે વધારે ત્રાસવાદીઓને ટેકો અને સમર્થન આપી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદીઓની સામે સુરક્ષા દળોની કાર્યવાહીના પરિણામ સ્વરૂપે અડચણો ઉભી થઈ રહી છે. ત્રાસવાદીઓની સામે કરવામાં આવી રહેલી કાર્યવાહીમાં કેટલાક સ્થાનિક લોકો અડચણો ઉભી કરી રહ્યા છે. આ લોકો પથ્થરમારો અને અન્ય રીતે વિરોધ કરી રહ્યા છે. સુરક્ષા દળોની કાર્યવાહી વચ્ચે પથ્થરમારો કરીને કેટલાક સ્થાનિક લોકો મુશ્કેલી સર્જી રહ્યા છે. સ્થાનિક લોકો પથ્થમારો કરીને આતંકવાદીઓની સામે કાર્યવાહીમાં અડચણો ઉભી કરી રહ્યા છે. જેના લીધે સુરક્ષા દળો મોટી સફળતા હાંસલ કરી શકતા નથી. ત્રાસવાદીઓને સ્થાનિક લોકોનુ સમર્થન મળી રહ્યુ છે. સ્થાનિક લોકોના ઘરમાં જ ત્રાસવાદીઓ કેટલીક વખત શરણ લઈ લે છે. લશ્કરી ઓપરેશન સામે લોકો વાંધો પણ ઉઠાવે છે. આના કારણે હાલમાં કેટલાક ઓપરેશન સામે તકલીફ થઇ હતી. જમ્મુકાશ્મીરમાં સક્રિય રહેલા ત્રાસવાદીઓ સ્થાનિક લોકોની મદદથી યોગ્ય જગ્યાએ છુપાઇ જાય છે અને પરિસ્થિતીનો લાભ ઉઠાવીને ત્યારબાદ હુમલા કરે છે. સુરક્ષા જવાનો આવા સ્થાનિક કટ્ટરપંથી સામે લાલ આંખ કરે તેવી માંગ હવે મોટા ભાગના લોકો ઉઠાવી રહ્યા છે. પથ્થરબાજો ગેરમાર્ગે દોરાયેલા યુવાનો હોવાની સાથે સાથે ત્રાસવાદી ગતિવિધીને ટેકો આપનાર લોકો હોવાની વિગત ખુલી રહી છે. ત્રાસવાદી સામે હાલમાં ઓપરેશન ઓલઆઉટ બંધ રખાયુ છે.

નવભારત

# ટેલીવૂડ હંગામા

તા.૨૦-૭-૨૦૧૮ શુક્રવાર

| સમય | ઝી ટીવી | સ્ટાર પ્લસ | સોની ટીવી | ઝી સિનેમા | કલર્સ | સેટ મેક્સ | સ્ટાર ગોલ્ડ | સ્ટાર મુવી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૬.૦૦ | ટેલિશોપિંગ | કુલ્ફી કુમાર બાજેવાલા | ટેલિશોપિંગ | // | ઉડાન | હિરો નં. ઝીરો | નાયક | પેન્ગવિંગ્સ ઓફ મડાગાસ્કર |
| ૦૬.૩૦ | // | ઈશ્કબાઝ | // | ટેલિશોપીંગ | ટેલિસ્લોટ | // | // | // |
| ૦૭.૦૦ | પિયા અલબેલા | મેરિયમ ખાન રિપોર્ટિંગ | // | // | સાવિત્રી દેવી | // | // | // |
| ૦૭.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | યે હૈ મોહબ્બતે | // | // | ટેલિસ્લોટ | // | // | // |
| ૦૮.૦૦ | કુંડલી ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | સંકટ મોચન હનુમાન | યે હૈ જલસા | રુપ | ખતરનાક ખિલાડી | // | એક્સમેન |
| ૦૮.૩૦ | જીદંગી કી મહેક | યે રિશ્તા ક્યા | કુછ રંગ પ્યાર કે | // | બેપનાહ | // | // | // |
| ૦૯.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | ક્રિશ્ના લી લંડન | પેહરેદાર પિયા કી | // | ડાન્સ દિવાને | // | // | // |
| ૦૯.૩૦ | આપકે ઓ જાને સે | યે હૈ મહોબ્બત... | બેહદ | લોફર | // | // | કિક | // |
| ૧૦.૦૦ | કુમકુમ ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | કપિલ શર્મા શો | // | સિલસિલા બદલતે રિશ્તો કા | // | // | // |
| ૧૦.૩૦ | કુમકુમ ભાગ્ય | ઈશ્કબાઝ | // | // | ઉડાન | // | // | લાઈફ ઓફ પાઈ |
| ૧૧.૦૦ | કુંડલી ભાગ્ય | ઈશ્કબાઝ | // | // | ઉડાન | સન ઓફ સત્યમૂર્થી | // | // |
| ૧૧.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | સબસે સ્માર્ટ કૌન | પેહરેદાર પિયા કી | // | તુ આશિકી | // | // | // |
| ૧૨.૦૦ | પિયા અલબેલા | // | ક્રાઈમ પેટ્રોલ | // | સિલસિલા | // | // | // |
| ૧૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા | // | રમૈયા વસ્તાવૈયા | કસમ | // | મેં હી રાજા મેં હી મંત્રી | // |
| ૦૧.૦૦ | કુંડલી ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | // | // | બેપનાહ | // | // | આઈસ એજ |
| ૦૧.૩૦ | આપકે આ જાને સે | મરિયમ ખાન રિપોર્ટિંગ | // | // | રુપ | // | // | // |
| ૦૨.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | યે હૈ મોહબ્બતે | // | // | ઈશ્ક મેં મરજાંવા | કાશમોરા-૨ | // | // |
| ૦૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | ક્રિશ્ના ચલી લંડન | // | // | સિલસિલા બદલે રિશ્તો કા | // | // | // |
| ૦૩.૦૦ | કુંડલી ભાગ્ય | કયામત કી રાત | // | // | નાગિન-૩ | // | // | દ અમેઝિંગ સ્પાઈડરમેન-૨ |
| ૦૩.૩૦ | કાલિરેઈન | // | // | મેરા બદલા | // | // | દ સ્ટેટ-જોલી એલએલબી | // |
| ૦૪.૦૦ | જીદંગી કી મહેક | યે રિશ્તા | // | // | કૌન હૈ | // | // | // |
| ૦૪.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | યે હૈ મોહબ્બતે | // | // | // | // | // | // |
| ૦૫.૦૦ | આપકે આ જાને સે | ક્રિશ્ના ચલી લંડન | // | // | શક્તિ | ડેન્જરસ ખિલાડી-૪ | // | // |
| ૦૫.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | કુલ્ફીકુમાર બાજેવાલા | // | // | ઉડાન | // | // | // |
| ૦૬.૦૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા ક્યા કહેલાતા હૈ | / | દિલજલે | કસમ | // | // | કેપ્ટન અમેરિકા |
| ૦૬.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | સબસે સ્માર્ટ કૌન | // | // | સાવત્રી દેવી | // | // | // |
| ૦૭.૦૦ | વો અપના સા | // | યે મોહ મોહ કે ધાગે | // | તુ આશિકી | // | વીઆઈપી-૨ | // |
| ૦૭.૩૦ | કાલિરેઈન | મરિયમ ખાન રિપોર્ટિંગ | પેશ્વા બાજીરાવ | // | ઈશ્ક મેં મરજાંવા | // | // | // |
| ૦૮.૦૦ | જિંદગી કી મહેક | હર શાખ પે ઉલ્લુ બેઠા હૈ | સંકટ મોચન મહાબલી | // | શક્તિ | ટેરર-૨ | // | // |
| ૦૮.૩૦ | પિયા અલબેલા | કુલ્ફીકુમાર બાજેવાલા | પેહરેદાર પિયા કી | // | ઉડાન | // | // | // |
| ૦૯.૦૦ | કુમ કુમ ભાગ્ય | ક્રિશ્ના ચલી લંડન | બેહદ | એન્કાઉન્ટર રાજા | રુપ | // | એમસીએ મિડલ ક્લાસ | બેબીસ ડે આઉટ |
| ૦૯.૩૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા | કુછ રંગ પ્યાર કે | // | બેપનાહ | // | // | // |
| ૧૦.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | ઈશ્કબાજ | ક્રાઈમ પેટ્રોલ ૧૦૦ | // | સિલસિલા | // | // | // |
| ૧૦.૩૦ | આપકે આ જાને સે | યે હૈ મોહબ્બતે | // | // | દેવ-૨ | ડેન્જરસ ખિલાડી | // | // |
| ૧૧.૦૦ | કુમ કુમ ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | // | // | કૌન હૈ | // | // | કિંગ્સમેન |
| ૧૧.૩૦ | કાલિરેઈન | કયામત કી રાત | // | રાઉડી નં. ૧ | // | // | સિંઘમ | // |
| ૧૨.૦૦ | // | // | // | // | // | સિંહા | // | // |

મહિલા શ્રદ્ધાળુઓને પણ પ્રવેશનો અધિકાર : કોર્ટ

# સબરીમાલા મંદિર : મહિલા શ્રદ્ધાળુને તક મળવી જોઇએ

## મંદિર કોઇ પ્રાઇવેટ સંપત્તિ નથી તે જાહેર સ્થળ છે જેથી જ્યાં પુરુષ જઇ શકે ત્યાં મહિલા પણ જઇ શકે : સુપ્રીમ

**(એજન્સી) નવીદિલ્હી,**

દેશની સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેંચે કેરળના લોકપ્રિય સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધનો વિરોધ કર્યો છે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું છે કે, પુરુષોની જેમ જ મહિલાઓને પણ સબરીમાલા મંદિરમાં પ્રવેશ મળે તે જરૂરી છે. મહિલાઓ પણ પ્રવેશ માટે હકદાર છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ કહ્યું છે કે, દેશમાં ખાનગી મંદિર માટે કોઇપણ પ્રકારના સિદ્ધાંતો નથી. મંદિર કોઇ પ્રાઇવેટ સંપત્તિ નથી. આ જાહેર સ્થળ છે. આવા જાહેર સ્થળો ઉપર જો પુરુષ જઇ શકે છે તો મહિલાઓ પણ જઇ શકે છે. મહિલાઓને પણ પ્રવેશની મંજુરી મળવી જોઇએ. સીજેઆઈએ કહ્યું છે કે, મંદિર ખુલે છે તો તેમાં કોઇપણ શ્રદ્ધાળુ જઇ શકે છે. કોઇપણ આધાર પર કોઇના પ્રવેસ ઉપર પ્રતિબંધ મુકી શકાય નથી. આ બંધારણની ભાવનાની વિરુદ્ધમાં છે. બીજી બાજુ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું છે કે, બંધારણની કલમ ૨૫ હેઠળ તમામ નાગરિક કોઇપણ ધર્મની પ્રેક્ટિસ અથવા તો પ્રસાર કરવા માટે સ્વતંત્ર છે. આનો મતલબ એ છે કે, એક મહિલા તરીકે પ્રાર્થના કરવાનો અધિકાર રહેલો છે. કેરળ સરકારે આ મુદ્દા ઉપર ત્રણ વખત પોતાના વલણ બદલી દીધા છે. ૨૦૧૫માં રાજ્ય સરકારે સૌથી પહેલા મહિલાઓના પ્રવેશ ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધની તરફેણ કરી હતી. ત્યારબાદ ૨૦૧૭માં સરકારે આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. આ વર્ષે સરકારે કહ્યું હતું કે, મંદિરોમાં પ્રવેશથી મહિલાઓને રોકી શકાય નહીં. ઈન્ડિયન યંગ લોયર્સ એસોસિએશન દ્વારા દાખલ કરવામાં આવેલી એક જાહેરહિતની અરજીમાં સુનાવણી વેળા આ ચુકાદો આવ્યો હતો. આ અરજીમાં સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશની મંજુરી માંગવામાં આવી હતી. કેરળ હાઈકોર્ટે મંદિરમાં મહિલાઓના પ્રવેશ પર મુકાયેલા પ્રતિબંધને યોગ્ય ગણાવ્યો હતો.



નાના ચિલોડા પાસેના બનાવથી ભારે ચકચાર

# હિરાજડિત દાગીના સહિત ૧૫ લાખની દિલધડક ચોરી કરાઈ

## તસ્કરો બંગલામાંથી આખેઆખુ સેઇફ ડિપોઝીટ બોક્સ ચોરીને ફરાર થઇ ગયા : નરોડા પોલીસે તપાસ શરૂ કરી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શહેરના નરોડા નજીક આવેલા નાના ચિલોડા પાસે તસ્કરો એક બંગલામાંથી હીરાજડિત દાગીના અને બે લાખ રોક્ડ રકમ સહિત અંદાજે રૂ.૧૫ લાખના મુદ્દામાલની ચોરી કરીને ફરાર થઇ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. આશ્ચર્યની વાત એ હતી કે, ચોરી કરવા આવેલા તસ્કરો દાગીના અને રોક્ડ રકમથી ભરેલ આખેઆખુ સેઇફ ડિપોઝીટ બોક્સ(નાની તિજોરી) જ ચોરીને રફુચક્કર થઇ ગયા હતા. આ બનાવ અંગે નરોડા પોલીસે તપાસ શરૂ કરી છે. આ અંગેની વિગત એવી છે કે, નાના ચિલોડા વિસ્તારમાં આવેલ સ્પર્શ રેસિડેન્સીમાં રહેતા કૃણાલભાઇ જગદીશભાઇ શાહ તારીખ ૧૨ જુલાઈના રોજ તેમનાં ફોઇ મૃત્યુ પામ્યા હોવાથી તે તેમના પરિવાર સાથે સારંગપુર ગયા હતા. સોમવારના દિવસે કૃણાલભાઇનો ભત્રીજો દર્શન તેમના ઘરે ગયો હતો. દર્શન સ્પર્શ રેસિડેન્સીમાં પહોંચ્યો ત્યારે કૃણાલભાઇના બંગલાનું તાળું તૂટેલું હતું. દર્શને તાળું તૂટેલું હોવાની વાત કૃણાલભાઇને કરતા તે તથા તેમના મિત્રો ચંદ્રસિંહ અને દિનેશભાઇ તાત્કાલીક દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. પોલીસે આવી તપાસ કરતાં જાણવા મળ્યું કે, તસ્કરો કૃણાલભાઇના બંગલાનું તાળું તોડીને સેઇફ ડિપોઝિટ બોક્સ લઇને જતા રહ્યા હતા. સેઇફ ડિપોઝિટ લોકરમાં બે લાખ રૂપિયા રોકડા, ૧૧ લાખ રૂપિયાના હીરાજડિત સોનાના દાગીના તેમજ પાંચ કિલો ચાંદી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર તસ્કરો કૃણાલભાઇના બંગલાનું તાળું તોડીને ઘુસ્યા હતા, જ્યાં તેઓએ બંગલાનો તમામ સરસમાન વેરવિખેર કરી નાખ્યો હતો અને કૃણાલભાઇના બેડરૂમમાં પડેલ સેઇફ ડિપોઝિટ લોકર લઇને ફરાર થઇ ગયા હતા. પોલીસે તસ્કરો વિરુદ્ધમાં ગુનો દાખલ કરીને આરોપીઓને પકડવા માટે એફએસએલ તેમજ ડોગ સ્વોડની મદદ લીધી છે. આ મામલે કૃણાલભાઇએ જણાવ્યું છે કે પોલીસે દાગીનાની વેલ્યુ પ્રમાણે ફરિયાદ નથી લીધી. દસ લાખ રૂપિયાથી વધુની કિંમતની ચોરીની ફરિયાદ ના નોંધાય તે માટેનો આગ્રહ રાખી અમને મોડી રાતે ત્રણ વાગ્યા સુધી પોલીસ સ્ટેશનમાં બેસાડ્યા હતા. પોલીસે ટોટલ દસ લાખની ચોરીની ફરિયાદ નોંધી છે જોકે ખરેખર ચોરી ૧૫ લાખ રૂપિયાના મુદ્દામાલની થઇ છે. ઉલ્લેખનીય છેકે છેલ્લા ૧૦ દિવસમાં પૂર્વ વિસ્તારમાં બીજી સૌથી મોટી ચોરી નરોડામાં નોંધાઇ છે. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી.



કલાકોના ગાળામાં જ મેંદરડામાં પાંચ ઇંચ અને કોડિનારમાં ચાર ઇંચ

# સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ યથાવત : વેરાવળમાં છ ઇંચથી વધુ

## સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં હાલત ખુબ કફોડી બની પોરબંદરમાં એક કલાકમાં ૯ ઇંચ ખાબકતા પૂર જેવા દ્રશ્યો : જનજીવન ઠપ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદના પરિણામ સ્વરુપે જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું છે. ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાયેલી છે. સૌરાષ્ટ્રમાં અનેક ગામો ટાપુમાં ફેરવાઈ ગયેલા છે. દક્ષિણ ગુજરાતમાં પણ આવી જ હાલત બનેલી છે. હજુ સ્થિતિમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી છે. સૌરાષ્ટ્રમાં અવિરત વરસાદનો દોર જારી રહ્યો છે. આજે પણ વેરાવળ, મેંદરડા, કોડિનાર, જામનગર, કેશોદ, ઉના અને કાલાવાડમાં ભારે વરસાદ યથાવતરીતે જારી રહ્યો હતો. તમામ જગ્યાઓએ પાણી ભરાયા હતા. એકબાજુ વેરાવળમાં છ ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જ્યારે મેંદરડામાં પાંચ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે જ્યારે કોડિનારમાં ચાર ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. જામનગરમાં ૪, કેશોદમાં ૪, ઉનામાં બે, કાલાવાડમાં બે ઇંચ વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો અનેક જગ્યાએ ઉલ્લેખનીય વરસાદ થયો છે. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ૧૭ ઇંચથી વધુ વરસાદ અને જુનાગઢના માણવદરમાં ૧૧ ઇંચથી વધુ વરસાદ થયો છે. ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં આજે પણ મેઘરાજાએ તેમની મહેર તો કયાંક કહેર વરસાવવાનું ચાલુ રાખ્યું હતું. આજે પણ ગીરસોમનાથ, જૂનાગઢ, ઉના, કોડિનાર, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, નવસારી સહિતના પંથકોમાં અતિ ભારે વરસાદ ચાલુ રહ્યો હતો. પોરબંદર પંથકમાં એક જ કલાકમાં નવ ઇંચથી વધુ વરસાદ ખાબકતાં પૂર જેવા દ્રશ્યો સર્જાયા હતા. છેલ્લા સાત-આઠ દિવસથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદી અતિવૃષ્ટિને લઇ હવે ભારે તારાજી અને તબાહીની આશંકા સેવાઇ રહી છે. ગીર-સોમનાથ જિલ્લાના ૧૫૦થી વધુ ગામો હજુ પણ સંપર્કવિહોણા બની રહ્યા છે. તો, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મેઘતાંડવનો ભોગ બનેલા હજારો લોકો હજુ તંત્ર તરફથી મદદની રાહ જોઇને બેઠા છે પરંતુ હજુ સુધી તંત્રનો એકેય માણસ તેમની પાસે ફરકયો સુધ્ધાં નથી. પૂરગ્રસ્ત વિસ્તારોમાં એનડીઆરએફ અને બચાવ ટીમો



દ્વારા પાણીમાં ફસાયેલા લોકોને સ્થળાંતર કરાવવાની કામગીરી સતત ચાલુ છે. સોમનાથ-અમદાવાદ હાઈવે પર પૂરના પાણી ફરી વળતાં તંત્ર દ્વારા હાઈવે બંધ કરાવાયો હતો. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાના રૌદ્ર સ્વરૂપને લઇ સર્વત્ર જળબંબાકાર અને બેટની પરિસ્થિતિ સર્જાયેલી છે. હજારો લોકોનું સ્થળાંતર કરાવાયું છે તો, સેંકડો લોકોને એનડીઆરએફ સહિતની બચાવ ટીમોએ બચાવ્યા હતા. રાજયના ૧૦૦થી વધુ ગામોમાં હજુ પણ વરસાદી અતિવૃષ્ટિને પગલે વીજળીનો પુરવઠો ખોરવાયેલો છે અને હજુ આ ગામોમાં અંધારપટ છવાયેલો છે. જેમ જેમ પૂરના પાણી કેટલાક વિસ્તારોમાંથી ઓસરી રહ્યા છે તેમ તેમ તારાજી અને તબાહીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. મેઘતાંડવનો ભોગ બનેલા લોકો તંત્ર પરત્વે ઉગ્ર આક્રોશ ઠાલવી રહ્યા છે. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં વરસાદી અતિવૃષ્ટિને પગલે નદી-નાળા અને ડેમોમાં નવા નીરની આવક થઇ છે અને તેમાંના ઘણા ઓવરફ્લો થતાં આજે જૂનાગઢના માળિયાના ભાખરવડ ડેમ, રાજકોટનો સોગઠી ડેમ, ગીર-સોમનાથનો હિરણ-૨ ડેમ, અમરેલીના ખાંભાનો રાયડી ડેમ, પોરબંદરનો ઓઝત-૨ ડેમ સહિતના ડેમોના દરવાજા ખોલવાની ફરજ પડી હતી. જેને લઇને આસપાસના ગામો અને વિસ્તારોના લોકોને એલર્ટ કરાયા હતા. રાજયમાં ૪૩ થી વધુ ડેમોમાં વરસાદી નીરની નવી આવક થતાં જળસપાટીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. આ સાથે જ રાજયમાં સીઝનનો કુલ ૪૪ ટકા વરસાદ નોંધાઇ ચૂકયો છે. રાજયમાં આજે ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ, અમરેલી, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, નવસારી, સુરત, ભાવનગર, કચ્છ, સૂત્રાપાડા, ડાંગના વઘઇ સહિતના પંથકોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયામાં ૧૭ ઇઁચથી વધુ, જૂનાગઢના માણાવદરમાં ૧૧ ઇઁચથી વધુ અને નવસારી જિલ્લાના વાંસદામાં દસ ઇઁચથી વધુ નોંધાયો હતો. વળી, પોરબંદર પંથકમાં એક જ કલાકમાં નવ ઇંચથી વધુ વરસાદ ખાબકતાં પૂર જેવા દ્રશ્યો સર્જાયા હતા. ભારે વરસાદને લઇ જૂનાગઢ માળિયામાં બરૂલા ગીર ગામ પાણીમાં ગરકાવ થઇ ગયું હતું. તો, અમરેલીમાં ખાંભાનો રાયડી ડેમ ઓવરફ્લો થયો હતો. ગીર-સોમનાથમાં હિરણ-૨ ડેમ ઓવરફ્લો થતાં તેના છ દરવાજા તંત્રને ખોલવાની ફરજ પડી હતી, જેને પગલે આસપાસના ૧૨થી વધુ ગામોને એલર્ટ કરાયા હતા. પોરબંદરમાં ઓઝત-૨ ડેમ ઓવરફ્લો થયો હતો, જયારે ઘેડ પંથકમાં અમીપુર અને મહિયારી ગામોને એલર્ટ કરાયા હતા. માધવપુર ગામ બેટમાં ફેરવાઇ ગયું હતું. ગીર-સોમનાથના ડારીમા પંથકમાં દેવકા નદીના ઘોડાપૂર ફરી વળ્યા હતા. ભાવનગરના મહુવામાં પણ ભારે વરસાદના કારણે ઠેર-ઠેર પાણી ભરાયા હતા, જયાં એક પ્રાથમિક શાળા અને એક મકાન ધરાશયી થયા હતા. સૂત્રાપાડમાં મેઘકહેરને લઇ સમગ્ર પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. ખાસ કરીને પ્રાચી તીર્થમાં સુપ્રસિધ્ધ માધવરાયજી મંદિર આ મોસમમાં સાતમી વખત પૂરના પાણીમાં ગરકાવ બન્યું હતું, જાણે મેઘરાજા માધવરાયજીના ચરણ પખાળવા આવતા હોય. કચ્છ પંથકમાં પણ આજે સારો એવો વરસાદ નોંધાયો હતો. સુરત-ઓલપાડ સહિતના પંથકોમાં પણ મેઘરાજાએ તારાજી સર્જી હતી એટલે સુધી કે, ખેતરો વરસાદી પાણીમાં ગરકાવ થઇ ગયા હતા, જેને લઇ ખેડૂતો પાક ધોવાઇ જવાની ચિંતામાં મગ્ન બન્યા હતા.

વિવિધ વિષય ઉપર ઉપયોગી માર્ગદર્શન અપાશે

# એડવાન્સ ડિજિટલ માર્કેટીંગ વર્કશોપ ૨૧મીથી શરૂ કરાશે

## સોશિયલ મીડિયા માર્કેટિંગ, ઇ મેલ માર્કેટિંગ, કોમ્પિટીટર એનાલિસીસ સહિતના વિષય ઉપર માર્ગદર્શન મળી શકશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

અમદાવાદ સ્કૂલ ઓફ ડિજિટલ માર્કેટીંગ દ્વારા અમદાવાદ શહેરમાં આગામી તા.૨૧ અને ૨૨ જુલાઈ, ૨૦૧૮ દરમ્યાન બે દિવસીય એડવાન્સ ડિજિટલ માર્કેટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. એન્ટરપ્રિન્યોર્સ, વિદ્યાર્થીઓ, ઉદ્યોગસાહસિકો અને કોર્પોરેટ્સ અને સ્ટાર્ટ અપ્સ માટે ખૂબ ઉપયોગી એવા આ વર્કશોપમાં સોશ્યલ મીડિયા માર્કેટીંગ, ઈ-મેઈલ માર્કેટીંગ, ગૂગલ એડવર્લ્ડઝ, લીડ જનરેશન ફોર બીઝનેસ, કોમ્પિટીટર એનાલિસીસ સહિતના મહત્વના વિષયો પર નિષ્ણાત તજજ્ઞો દ્વારા અગત્યની જાણકારી અને માર્ગદર્શન પૂરા પાડવામાં આવશે. બે દિવસીય આ વર્કશોપનો હેતુ અમદાવાદ સ્કૂલ ઓફ ડિજિટલ માર્કેટીંગ દ્વારા નવા એન્ટરપ્રિન્યોરશીપ તૈયાર કરવાનો અને તેમને ડિજિટલ વર્લ્ડમાં પ્લેટફોર્મ પૂરું પાડવામાં સહાયભૂત બનવાનો છે એમ અત્રે એએસડીએમના સ્થાપક અને ડિરેક્ટર લવ ત્યાગી અને માર્કેટીંગ ડિરેક્ટર શરદ એ.વોરાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ વર્કશોપનો બીજો હેતુ એ છે કે, આજના ડિજિટલ યુગમાં તમે કઈ રીતે ડિજિટલ માર્કેટીંગ અગ્રેસર રહી શકો તેનું જ્ઞાન અને ટેકનીક ઉપલબ્ધ કરાવવાનો છે. ડિજિટલ માર્કેટીંગના આ બે દિવસીય વર્કશોપમાં કોર્પોરેટસ, ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટ અપ્સના પ્રતિનિધિઓ ભાગ લેશે. એએસડીએમ તેની હેડ ઓફિસ અમદાવાદ ખાતે ધરાવે છે અને તેણે વડોદરામાં પણ અન્ય શાખા શરૂ કરી છે. કોર્પોરેટ વર્લ્ડમાં આવશ્યક સ્કીલ્સને વિકસાવવાના હેતુથી એએસડીએમ દ્વારા ક્લાસરૂમ લાઈવ ટ્રેનીંગ આપવામાં આવે છે જેમાં ઓથેન્ટિકેટેડ સર્ટિફિકેશન્સ સાથે ૧૦૦ ટકા જોબ પ્લેસમેન્ટ આસિસ્ટન્ટ આપવામાં આવે છે. આ ઉપરાંત બે મહિનાનો એક્સ્લુઝિવ ટ્રેનીંગ પ્રોગ્રામ પણ આપવામાં આવે છે કે જેના દ્વારા ઓનલાઈન માર્કેટીંગ અને ડિજિટલ બ્રાન્ડિંગમાં વ્યક્તિને મદદ મળે છે. અમદાવાદ સ્કૂલ ઓફ ડિજિટલ માર્કેટીંગના સ્થાપક અને ડિરેક્ટર લવ ત્યાગીએ ઉમેર્યું હતું કે, હાલ સોશ્યલ મીડિયા માર્કેટીંગમાં સૌથી વધુ મહત્વનું ફેક્ટર ફેસબુક સાબિત થઇ રહ્યું છે. અમે વિદ્યાર્થીઓ, વર્કિંગ પ્રોફેશનલ્સ, સીઈઓ, ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટ અપ્સને કન્સલ્ટન્સી આપીએ છીએ. અમે અમારા ડિજિટલ માર્કેટિંગ કોર્સને ત્રણ ભાગમાં વહેંચ્યો છે કે જે વિદ્યાર્થીઓ, વર્કિંગ પ્રોફેશનલ્સ, સીઈઓ અને ઉદ્યોગસાહસિકો માટે છે.

દરેક સેગમેન્ટ તેઓને આ વર્કશોપ - વિસ્તૃત પ્રોગ્રામ પછી મળનારા લાભો માટે ઉપયોગી છે. અમે એ પણ સુનિશ્ચિત કરીશું કે સંપૂર્ણ તાલીમ ૧૦૦ ટકા પ્રેક્ટિકલ બેકગ્રાઉન્ડમાં શક્ય બને કે જેથી ઉમેદવારો રિયલ ટાઈમ કેસ સ્ટડીઝને સમજી શકે અને તેના સેગમેન્ટ સાથે એ મુજબ જોડાઈ શકે. ડિજિટલ માર્કેટીંગ ક્ષેત્રમાં ઝળહળતી કારકિર્દી બનાવવા માટે ભાગ લેનાર પ્રતિનિધિઓ માટે આ વર્કશોપ ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે.

બે ખાનગી ઘાસ સેન્ટર પાસેથી ઘાસચારો ખરીદાશે

# મ્યુનિ. ઢોરવાડાના ઢોરો માટે ઘાસચારાની વ્યવસ્થા કરાશે

## ઢોરોના ઘાસચારાને લઇ સ્ટેન્ડીંગ કમિટિમાં હવે દરખાસ્ત રજૂ કરાશે : વિપક્ષી કોંગ્રેસની પણ નિર્ણય પર બાજ નજર

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

છેલ્લા એક વર્ષથી હાઈકોર્ટ દ્વારા શહેરના બિસમાર રસ્તા અને રખડતાં ઢોરના મામલે સત્તાવાળાઓની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢવામાં આવે છે. તાજેતરમાં પણ હાઈકોર્ટે રસ્તા પર ઢોરને ઘાસચારો ખવડાવવાની પ્રવૃત્તિમાં હાઈકોર્ટના આદેશ બાદ પણ લેશમાત્ર ઘટાડો થયો ન હોઈ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી હતી. જો કે, અમ્યુકો તંત્ર દ્વારા હવે ઢોરવાડામાં રખાયેલા પશુઓ-ઢોર માટે રૂ.૯૦ લાખના ખર્ચે ઘાસચારો ખવડાવવાની હિલચાલ આરંભાઈ છે. અમ્યુકોના ઢોરવાડાનો ઢોરોને લાખો રૂપિયાના ખર્ચે ઘાસચારો ખવડાવવા અંગેની દરખાસ્ત આવતીકાલે સ્ટેન્ડીંગ કમીટીમાં પણ રજૂ થનાર છે. અમ્યુકો તંત્ર દ્વારા ગત ઓગસ્ટ ૨૦૧૭થી હાઈકોર્ટના આદેશના પગલે રસ્તા પરના લોકોને કનડતા અને અનેકવાર જીવલેણ અકસ્માત સર્જીને છેક મોતનાં મોંમાં ધકેલનારા રખડતાં ઢોરને ઝબ્બે કરીને ઢોરવાડામાં પૂરવાનું ખાસ અભિયાન હાથ ધરાયું છે. આમ તો મ્યુનિસિપલ સત્તાવાળાઓ દ્વારા વર્ષોથી રખડતાં ઢોરને પકડીને ઢોરવાડાના હવાલે કરવા ખાસ ઢોર ત્રાસ અંકુશ વિભાગ ચલાવાય છે. આ વિભાગના કર્મચારીઓને ઢોર પકડવાની કામગીરી દરમિયાન ખાસ પોલીસ બંદોબસ્ત ફાળવાય છે. તેમ છતાં ઢોર ત્રાસ અંકુશ વિભાગને ઢોર પકડવાની કામગીરીમાં વિશેષ સફળતા મળી ન હોઈ તેનું ખાનગીકરણ કરવાની કવાયત પણ હાથ ધરાઈ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનનો એકમાત્ર ઢોરવાડો દાણીલીમડામાં છે. જ્યાં ઢોર ત્રાસ અંકુશ વિભાગના 'રાઉન્ડ ધી ક્લોક' ઢોર પકડવાના અભિયાન બાદ પણ ૬૦૦૦થી ૬૫૦૦ ઢોરથી વધુ ઢોર ક્યારેય હોતાં નથી. આવા સંજોગોમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના સાડા ત્રણ મહિના વિત્યા બાદ ઢોર ત્રાસ અંકુશ વિભાગે રૂ. ૯૦ લાખની મર્યાદામાં ઢોરવાડાનાં ઢોરને ઘાસચારો ખવડાવવાની દરખાસ્ત મૂકતાં ચર્ચા ઊઠી છે. આ દરખાસ્ત મુજબ લીલી બાજરી, લીલી જુવાર, મકાઈના પૂળા જેવાં લીલા ઘાસ માટે રૂ. ૫૦ લાખની મર્યાદામાં રાજ રાજેશ્વરી ઘાસ સેન્ટર અને સૂકી જુવારના પૂળા, સૂકી ડાંગરના પૂળા, જેવાં સૂકા ઘાસ માટે રૂ. ૪૦ લાખની મર્યાદામાં સીતારામ ઘાસ સેન્ટર પાસેથી ઘાસ ખરીદાશે. આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ તંત્રની આ દરખાસ્તને મંજૂરી માટે મુકાઈ છે, ત્યારે અમ્યુકો સત્તાવાળાઓ દ્વારા આ અંગે લેવાનારા નિર્ણય પર વિપક્ષ કોંગ્રેસ પણ નજર રાખીને બેઠી છે.

૨૪ કલાકમાં ખંભાળિયામાં ૧૭ ઇંચ વરસાદ

# ગુજરાતના ૫૭ તાલુકામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો

## માણવદરમાં ૧૧ અને વાસંદામાં ૧૦ ઇંચથી વધુ વરસાદ ૨૪ કલાકમાં નોંધાયો : છ તાલુકાઓમાં પાંચ ઇંચ વરસાદ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાકમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં તેનું જોર યથાવત રાખીને ૫૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસાવ્યો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૧૮.૦૭.૨૦૧૮ને સવારે ૭.૦૦ કલાક દરમિયાન વઘઈ તાલુકામાં ૨૧૪ મીમી માંગરોળમાં ૨૧૦ મીમી મળી કુલ બે તાલુકામાં આઠ ઇંચથી વધુ, રાણાવાવ તાલુકામાં ૧૯૪ મીમી, માળીયામાં ૧૯૧ મીમી મળી કુલ બે તાલુકામાં સાત ઇંચથી વધુ, લાલપુરમાં ૧૫૬ મીમી, કેશોદ અને વંથલીમાં ૧૫૫ મીમી, ગણદેવીમાં ૧૫૩ મીમી મળી કુલ ચાર તાલુકામાં છ ઇંચથી વધુ, જામજોધપુરમાં ૧૪૭ મીમી કુતિયાણામાં ૧૪૬ મીમી, ઉના-ડોલવણ અને ચીખલીમાં ૧૩૪ મીમી, ગીરગઢડામાં ૧૨૮ મીમી મળી કુલ છ તાલુકાઓમાં પાંચ ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત રાજ્યના કોડીનાર તાલુકામાં ૧૦૫ મીમી એટલે કે ચાર ઇંચથી વધુ, સુત્રાપાડા અને જાફરાબાદમાં ૯૮ મીમી, ખેરગામમાં ૯૭ મીમી, જામનગરમાં ૯૧ મીમી, માંડવી અને સુબીરમાં ૮૫ મીમી, કપરાડામાં ૮૩ મીમી, વલસાડમાં ૭૭ મીમી મળી કુલ ૮ તાલુકાઓમાં ત્રણ ઇંચથી વધુ, જુનાગઢ અને જુનાગઢ શહેરમાં ૭૨ મીમી, ડાંગમાં ૭૦ મીમી, કાલાવડમાં ૫૯ મીમી, દ્વારકામાં ૫૭ મીમી, ધરમપુરમાં ૫૪ મીમી, ઉમરગામમાં ૫૨ મીમી મળી કુલ સાત તાલુકાઓમાં બે ઇંચથી વધુ અને અન્ય ૧૭ તાલુકાઓમાં એક ઇંચથી વધુ વરસાદ હોવાના અહેવાલો છે.

નારોલ પોલીસે મેળાના સંચાલક સામે ગુનો નોંધ્યો

# નારોલ : મેળામાં ફન રાઇડ તૂટી પડતાં બેના કરૂણ મોત

## મૃત્યુ પામનારમાં ૧૬ વર્ષીય કિશોર સામેલ : રાઇડ તૂટી પડવાની ઘટનામાં અન્ય ૪ લોકોને ગંભીર પ્રકારની ઇજા

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શહેરના નારોલ-અસલાલી હાઈવે પર આવેલ રંગોલીનગર પાસે યોજાયેલા ફન ફેરમાં ગઇકાલે રાતે એક ફન રાઇડ અચાનક તૂટી પડતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં રાઇડમાં બેઠેલી યુવતી અને કિશોરનાં ખૂબ જ ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતાં. આ ઘટનામાં અન્ય ચાર લોકોને ગંભીર ઈજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવને પગલે આનંદમેળામાં ભારે ચકચાર અને નાસભાગ મચી ગઇ હતી. નારોલ પોલીસને ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્ટાફના કાફલા સાથે ત્યાં પહોંચી ગઇ હતી અને સમગ્ર બનાવ અંગે મેળાની સંચાલક મહિલા વિરૂદ્ધ બેદરકારી દાખવવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં એવી ચોંકાવનારી હકીકત પણ સામે આવી હતી કે, આ આનંદ મેળો ચલાવવા માટે સંચલાક મહિલા દ્વારા પોલીસ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇપણ મંજૂરી લેવાઇ ન હતી. નારોલ વિસ્તારમાં આવેલ પ્રેરણાનગરમાં રહેતા વિશાલ ગૌતમભાઇ વાસખોડાએ નારોલ પોલીસ સ્ટેશનમાં મેળાના સંચાલક વિરુદ્ધમાં બેદરકારીની ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, વિશાલ તેની ૨૦ વર્ષીય નયનાબહેનને લઇને ગઇકાલે રંગોલીનગરમાં બે દિવસ પહેલાં શરૂ થયેલા મેળામાં ફરવા માટે ગયો હતો. નયનાબહેન મેળાની એક રાઇડ્સમાં બેઠાં હતાં, જ્યાં એકાએક રાઇડસ તૂટી પડી હતી જેમાં નયનાબહેન સહિત તમામ લોકો જમીન પર પટકાયાં હતાં. નયનાબહેન અને ૧૬ વર્ષના અંકિત પ્રકાશભાઇ ચૌહાણનું ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે ચાર કરતાં વધુ લોકોને ઈજા પહોંચતાં તેમને સારવાર ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસ સૂત્રોનાં જણાવ્યા અનુસાર મોડી રાતે નયનાબહેન સહિત તમામ લોકો રાઇડ્સમાં બેઠા ત્યારે નટ-બોલ્ટ ખૂલી રહ્યા હોય તેવો અવાજ આવતો હતો. રાઇડ્સ એ હદે સ્પીડમાં હતી કે લોકોએ રાઇડ્સને ઓપરેટર કરતા વ્યકિતને ધીમી કરવા માટે કહ્યુ હતું. જોકે ઓપરેટરે આ વાતને ગંભીરતાથી લીધી ન હતી. સ્પીડમાં રાઇડ્સ ચલાવવાનું ચાલુ રહ્યું હતું. રાઇડ્સના બોલ્ટ નીકળી જતાં એકાએક રાઇડ્સ તૂટી ગઇ હતી અને તેમાં બેઠેલા તમામ લોકો જમીન પર પટકાયા હતા. આ ઘટનાથી મેળામાં ભારે અફરાતફરી મચી જતાં ભારે નાસભાગ મચી ગઇ હતી. મેળામાં આવેલા લોકોએ ઈજાગ્રસ્તનો સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ બોલાવી હતી. જ્યારે ઘટનાની જાણ નારોલ પોલીસ તેમજ ઉચ્ચ અધિકારીઓને થતાં તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. રાઇડ્સમાં પટકાવવાથી નયનાબહેન અને અંકિતનું ઘટનાસ્થળે મોત થયું હતું. નારોલ પોલીસે આ મામલે મેળાની સંચાલક લક્ષ્મી આનંદભાઇ શ્રીવાસ્તવ વિરુદ્ધમાં બેદરકારી દાખવવા બદલ ગુનો દાખલ કર્યો છે અને સમગ્ર પ્રકરણમાં ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.